ગાંધીનગર સમાચાર

ગાંધીનગર સરખેજ રૂટ પર વધારાની ૧૬ ટ્રીપો

# સે-૧૬માં સરકારી આવાસો કંગાળ હાલતમાં

## આવાસોના રીનોવેશનની કામગીરી મંદ ગતિએ : આવાસો માટે પ્રતિક્ષા યાદીનો આંક મોટો અરજદારોની મુંઝવણ



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર તા ૪

શહેરના સેકટરોમાં સ્થિત સરકારી આવાસોની છત સલામત ન હોવાનો સુર વારંવાર ઉઠવા પામે છે. સેકટરોમાં સરકારી આવાસોના મજબૂતીકરણનુ કામ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહયુ છે. આમછતા હજુ ઘણાખરા મકાનો ખંડેર હાલતમાં ભાસી રહયા છે. સે-૧૬માં ઈન્કવાયરી કચેરીની લાઈનમાં સ્થિત ચ કક્ષાના સરકારી મકાનો તદન કંગાળ તાદ્રશ્ય થઈ રહયા છે. આ આવાસોનુ ત્વરિત નવિનીકરણ હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

શહેરમાં અંદાજિત ૧૬ હજાર જેટલા સરકારી આવાસો છે. જયારે દાયકાઓ જુના સરકારી આવાસોના મજબૂતીકરણ માટે તંત્ર દ્વારા તબક્કાવાર રીનોવેશન હાથ ધરવામાં આવે છે. જો કે લાંબા સમયના અંતે પણ આવાસોના રીનોવેશન અન્વયે માત્ર ૪૦ ટકા જેટલી જ કામગીરી થઈ હોવાનુ ધ્યાને આવ્યુ છે. જયારે સેકટરોમાં સ્થિત સરકારી આવાસોમાંથી વારંવાર પોપડા ખરતા હોવાની ઘટનાઓ ધ્યાને આવે છે. સે-૧૬ માં પણ ચ કક્ષાના સરકારી આવાસો કંગાળ ભાસી રહયા છે.એકબાજુ તંત્રના ચોપડે અરજદારોની પ્રતિક્ષા યાદી મોટી છે.ત્યારે આવાસોના મજબૂતીકરણની કામગીરી પણ મંદ ગતિએ ચાલતી હોવાથી રહીશોમાં પણ આક્રોશ પ્રવર્તયો છે.

શહેરમાં દાયકાઓ જુના સરકારી મકાનોનુ તબક્કાવાર મજબૂતીકરણ કરવામાં આવી રહયુ છે. જો કે રીનોવેશનની કામગીરી

● અનુસંધાન પાન-૭ પર

# માતાથી એક માસનુ બાળક અંબાપુર કેનાલમાં છટકી ગયુ...!

**શાહીબાગમાં થયેલી બાળકના અપહરણની ઘટના માતાનું તરકટ હતુ : છઠ્ઠીનો દોરો કેનાલમાં પધરાવવા જતા દોરા સાથે બાળક પણ છટકી જતાં માતા ગભરાઈ ગઈ ને અપહરણ થયાની વાતો ઘડી કાઢી હોવાનુ ખુલ્યુ : બાળકને રીક્ષામાં લઈને આવતા માતા કેમેરામાં કેદ થઈ હતી : અમદાવાદ પોલીસ ગાંધીનગર નજીક કેનાલમાં બાળકની શોધખોળ કરશે**




ગાંધીનગર, તા. ૪

શાહીબાગમાં એક માસના બાળકની અપહરણ થયાની ઘટનાએ ભારે ચકચાર મચાવી હતી. આ અપહરણની તપાસ કરતા કરતા અમદાવાદ પોલીસે ચેક કરેલા સીસીટીવી કેમેરાના કુટેજમાં અલગ જ ઘટના બની હોવાનુ ખુલ્યુ છે. બાળકને રીક્ષામાં લઈને જતી માતા કેમેરામાં કેદ થઈ હોવાનું બહાર આવતા પોલીસે માતાનું ક્રોસ ઈન્ટીગેશન કર્યુ હતુ. જેમાં બહાર આવ્યુ કે ધાર્મિક વિધિ મુજબ છઠ્ઠીની દોરો કેનાલના પાણીમાં પધરાવવા જતા માતાથી બાળક પણ કેનાલમાં છટકી ગયુ હતું. ડરી ગયેલી માતાએ ઘરે જવાબ શુ આપવો તે મુંઝવણને કારણે બાળકનું અપહરણ થયુ હોવાની ખોટી થિયરી પોલીસ સમક્ષ રજુ કરી હોવાનું ખુલ્યુ છે.



શાહીબાગના એક માસના બાળકના અપહરણ કેસની તપાસ દરમ્યાન પોલીસે રસ્તા પરના સીસીટીવી કુટેજ તપાસ્યા હતા. જેમાં માતા હેતલ ચૌહાણ ૩૧ જાન્યુઆરીએ બપોરે પોતાના દિકરાને તેડીને રીક્ષામાં લઈ જતી દેખાતી હતી. તો બીજી તરફ અપહરણની થિયરી જે પોલીસ સમક્ષ રજુ કરાઈ હતી તે થિયરીને આ કેમેરા ખોટી પાડી રહ્યા હતા. શંકા જતા હેતલબેન ચૌહાણની પુછતાછ કરાતા સમગ્ર ભાંડો ફૂટ્યો હતો. હેતલ ચૌહાણ પોતાના એક માસ અને છ

● અનુસંધાન પાન-૭ પર

## સાંધાઈમાં એઆઈએબી બેન્કના વાઈસ પ્રેસીડન્ટ તરીકે ડી.જે. પાંડીયન

ગાંધીનગર, તા. ૪



ગુજરાતના પૂર્વ મુખ્ય સચિવ ડી.જે. પાંડીયનની સાંધાઈમાં એઆઈએબી બેન્કના વાઈસ પ્રેસીડન્ટ તરીકે નિમણુંક કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ડી. જે. પાંડીયન ભાવનગર ઈલેક્ટ્રીસીટ કંપનીમાં ચેરમેન પદે પણ સેવાઓ આપે છે.

# આંતરિક બળવાના ભયથી ભાજપ-કોંગ્રેસ પેથાપુર નગરપાલિકાના ઉમેદવારો જાહેર કરવાનું ટાળે છે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર તાલુકાની પેથાપુર નગરપાલિકાની ચૂંટણીમાં બન્ને પક્ષોને આંતરિક બળવાનો ભય સતાવી રહ્યો હોવાથી ઉમેદવારી પત્ર ભરવાની આડે હવે બે દિવસ બાકી રહ્યા હોવા છતાં સત્તાવાર ઉમેદવારોની યાદી જાહેર કરાઈ નથી.

પેથાપુર નગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે હજુ સુધી એક પણ ઉમેદવારી પત્ર ભરાયું નથી. બન્ને પક્ષો દ્વારા પસંદગીની કવાયત પુરી થઈ ગઈ છે. પરંતુ આંતરિક બળવાનો ભય બન્ને પક્ષો ભાજપ-કોંગ્રેસને સતાવી રહ્યો છે.

આ ઉપરાંત આ ચૂંટણી માટે

**હજુ સુધી એક પણ ઉમેદવારી પત્ર ભરાયુ નથી હવે ઉમેદવારી કરવાની આડે માત્ર બે દિવસ બચ્યા**

હજુ અપક્ષો પણ મેદાનમાં આવ્યા નથી એ જોતાં આ ચૂંટણીમાં બન્ને પક્ષો વચ્ચે સીધો જંગ ખેલાશે તેમ મનાઈ રહ્યું છે. નવુ સીમાંકન હોવાથી બન્ને પક્ષો કોઈ આંતરિક બળવો ના થાય તેની કાળજી રાખી રહ્યા છે.

છેલ્લા ચૂંટણી જંગમાં કોંગ્રેસે પાતળી બહુમતીથી સત્તા મેળવી હતી હવે ભાજપ આ વખતે ક્યાંય કાચુ કપાઈ ના જાય તેની કાળજી રાખી રહેલ છે. જોકે આ પછી નગરપાલિકામાં ભાજપે પાછલા બારણે પેટા-ચૂંટણીઓ બાદ સત્તા હાંસલ કરવામાં સફળતા મેળવી હતી. આ વખતે પેથાપુર નગરપાલિકાની ચૂંટણી ગાંધીનગર મનપાની સામાન્ય ચૂંટણી પહેલાં હોવાથી આંતરિક બળવાની વિપરીત અસરો મનપાના જંગ પર પડે તેવા ભયથી બન્ને પક્ષો છાતી સરખા કાર્ડ રાખી રાજરમત ખેલવાના મૂડમાં જણાઈ રહ્યા છે. જોકે શનિવારે બપોર સુધીમાં તો કોણ ઉમેદવાર હશે તેનુ ચિત્ર સ્પષ્ટ થઈ જતાં પ્રચાર ઝુંબેશનો તખ્તો ગોઠવાશે તેમ રાજકીય નિરીક્ષકોનું માનવુ છે.

# ગાંધીનગર સરખેજ રૂટ પર વધારાની ૧૬ ટ્રીપો

ગાંધીનગર તા ૪

ગાંધીનગર સરખેજ રૂટમાં મુસાફરોની વિશેષ અવરજવર રહે છે. આ રૂટમાં વધતા ટ્રાફિકને ધ્યાને લઈ એસ ટી ડેપો દ્વારા વધારાની ૧૬ ટ્રીપો દોડાવાનો નિર્ણય લીધો છે. બારેજાથી ગાંધીનગર અને સરખેજ રૂટની બે મીની બસો દોડતી કરવામાં આવશે. સવારે ૭:૪૫ થી સાંજ દરમિયાન વધારાની ૧૬ ટ્રીપો દોડાવામાં આવશે. હાલ સરખેજ રૂટ પર ૭૪ બસો દોડે છે. જયારે વધુ ટ્રીપો દોડતા મુસાફરોની હાલાકીનો અંત આવશે.

ગાંધીનગર સરખેજ રૂટ પર દિવસ દરમિયાન સતત ટ્રાફિક જોવા મળે છે. જયારે આ રૂટ પર વિદ્યાર્થીઓ અને નોકરીયાત વર્ગ ઉપરાંત આમ અપડાઉન કર્તાઓની

**ગાંધીનગર સરખેજ રૂટ પર રોજ ૭૪ ટ્રીપ દોડતી હતી : જયારે હવે વધુ ૧૬ ટ્રીપ શરૂ કરાતા મુસાફરોને રાહત**

સંખ્યા પણ વિશેષ હોવાથી દોડતી બસો પણ ટ્રાફિકથી ભરચક હોવાનુ દ્રશ્યમાન થાય છે. હાલ એસ ટી ડેપો દ્વારા ગાંધીનગર સરખેજ રૂટમાં ૭૪ જેટલી બસો દોડાવામાં આવી રહી છે. જયારે આ ઉપરાંત ૧૫ જેટલી ગ્રામ્ય વિસ્તારની બસો પણ સરખેજ રૂટ પર થઈને જાય છે. આમછતા મુસાફરોના ટ્રાફિકને પહોંચી વળવા માટે નવી ટ્રીપો શરૂ કરવા એસ ટી તંત્ર દ્વારા લાંબા સમયથી વિચારણા હાથ ધરવામાં આવી હતી. જેને અનુલક્ષી એસ ટી ડેપો દ્વારા બારેજાથી ગાંધીનગર અને સરખેજ રૂટની બે મીની બસો દોડાવવા નિર્ણય લેવામાં આવ્યો છે. ડેપોના સુત્રોના જણાંવ્યા મુજબ સવારે ૭:૪૫ કલાકથી સાંજ દરમિયાન મીની બસોની કુલ ૧૬ ટ્રીપ દોડાવામાં આવશે. ખ-૬થી સે-૨૮-૨૯ પરના સ્ટેન્ડ પરથી પણ સરખેજ રૂટની બસો માટે વધારાની સેવા અન્વયે વ્યવસ્થા કરવામાં આવી છે.

જાહેર આમંત્રણ
ભગવાન શિવ દ્વારા નિર્મિત
કાશી નગરી(વારાણસી)ની પાવન ધરતી ઉપર
ત્રિભુવન તારિણી ગંગા મૈયાના પવિત્ર તટે સંગીતમય
શ્રી શિવ મહાપુરાણ કથા
યાત્રા પ્રારંભ : તા. ૨૭-૮-૨૦૧૬
યાત્રા વિરામ : તા. ૮-૯-૨૦૧૬
: વક્તા :
પ.પૂ. શ્રી કન્હૈયાલાલજી મહારાજ
મર્યાદિત સભ્યો લેવાના હોઇ વહેલા તે પહેલાના ધોરણે પોતાનું નામ કથાના ખર્ચ પેટે વ્યક્તિ દીઠ રૂા. ૬,૦૦૦/- (સિનિયર સીટીઝન માટે રૂા. ૫,૫૦૦/-) તારીખ ૧૫-૪-૨૦૧૬ સુધીમાં નીચેના સરનામે જમા કરાવી રજીસ્ટર્ડ કરાવી લેવું.
સંપર્ક : ૐકાર ગ્રાફિક્સ, બી-૫, શાલિન કોમ્પ્લેક્ષના ભોંયરામાં, ૧૭/૨૨, બસસ્ટેન્ડ પાસે, સેક્ટર-૨૨, ગાંધીનગર
મો. ૯૪૨૮૨ ૧૭૫૫૭, ૭૭૭૯૦ ૨૮૮૨૧, ૯૮૨૪૦ ૫૯૬૩૫

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.
મધુર ડેરી, ઈલેક્ટ્રોનીક એસ્ટેટ, સેક્ટર-૨૫, 'ક' રોડ, ગાંધીનગર-૩૮૨૦૨૩
ફોન : ૨૩૨૮૭૧૩૪ થી ૩૮, ફેક્સ : ૨૩૨૮૭૧૪૦
સંસ્થાના મિલ્ક કુલર, ફ્રિજ, વૉટર કુલર, ડિપફ્રિઝર, મિલ્ક કોલ્ડ સ્ટોરેજ, કુલિંગ યુનિટ, I/C કોલ્ડ સ્ટોરેજ, કુલિંગ યુનિટ, કેન્ડી ટેન્ક, એજીગવાટ, વીન્ડો એ.સી., સ્પ્લીટ એ.સી. તથા કેસેટ એ.સી. વિગેરેના મેઈન્ટેનન્સ અને રીપેરીંગના વાર્ષિક કોન્ટ્રાક્ટની કામગીરી માટે રસ ધરાવતી પાર્ટીએ તા. ૧૨/૨/૨૦૧૬ સાંજના ૪-૦૦ કલાક સુધીમાં સંસ્થામાંથી રૂ. ૧૦૦/- નિયત ફોર્મ મેળવી તેમા મેઈન્ટેનન્સ તથા રીપેરીંગના વાર્ષિક કોન્ટ્રાક્ટના ભાવ તેમજ જરૂરી વિગતો ભરી તા. ૧૫/૨/૨૦૧૬ સાંજના ૪-૦૦ કલાક સુધીમાં પરત આપવા જણાવવામાં આવે છે.
મેનેજીંગ ડિરેક્ટરશ્રી



(તસવીર : કશ્યપ નિમાવત)

શેરી નાટક - ઈન્ફોસીટીના પ્રાંગણમાં વર્લ્ડ કેન્સર ડે નિમિત્તે આરંભાયેલ સોકર લીગના શુભારંભ સમારોહ પ્રસંગે નિફટના વિદ્યાર્થીઓએ સ્વચ્છ ભારત પર અદભૂત શેરી નાટક ભજવીને પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા.

# ગાંધીનગરમાં ઠંડીનો ચમકારો

ગાંધીનગર, તા. ૪

છેલ્લા એક અઠવાડિયા દરમ્યાન તાપમાન ઉંચુ રહ્યા બાદ આજે ગાંધીનગરમાં પુનઃ ઠંડીનો ચમકારો જોવા મળ્યો હતો. લઘુત્તમ તાપમાન ગઈકાલ કરતાં બે ડિગ્રી જેટલુ ઘટીને ૧૧ ડિ.સે. સુધી પહોંચી ગયું છે.

જમ્મુ-કાશ્મીર સહિતના ઉત્તારીય પર્વતીય વિસ્તારોમાં હીમવર્ષાનો નવેસરથી દોર શરૂ થતાં તેની અસર દિલ્હી, રાજસ્થાન, ગુજરાતના વિવિધ વિસ્તારોમાં જોવા મળી રહી છે. ગુજરાતના વિવિધ વિસ્તારોમાં ગયા અઠવાડિયે તાપમાન ઉંચુ રહ્યા બાદ આજે હિમવર્ષાની અસર હેઠળ તાપમાન

● અનુસંધાન પાન-૭ પર

Gujarat State Petronet Limited
Corporate Identity Number : L40200GJ1998SGC035188
Regd Office : GSPC Bhavan, Sector-11, Gandhinagar-382 010, Tel : +91-79-66701001 Fax : +91-79-23236477
Website : www.gujpetronet.com Email : investors.gspl@gspc.in

UNAUDITED STANDALONE FINANCIAL RESULTS FOR THE QUARTER AND NINE MONTHS ENDED DECEMBER 31, 2015

(₹ in Lakhs)

| Sr. No | Particulars | 3 months ended 31.12.2015 (Unaudited) | 9 months ended 31.12.2015 (Unaudited) | 3 months ended 31.12.2014 (Unaudited) |
|---|---|---|---|---|
| 1 | Total Income from Operations | 24,807.19 | 75,999.55 | 24,310.36 |
| 2 | Net Profit /(Loss) from ordinary activities after tax | 12,347.70 | 34,476.26 | 8,879.45 |
| 3 | Net Profit/(Loss) for the period after tax(after Extraordinary items) | 12,347.70 | 34,476.26 | 8,879.45 |
| 4 | Equity Share Capital(face value of Rs. 10/- each) | 56,319.98 | 56,319.98 | 56,282.11 |
| 5 | Reserves excluding revaluation reserves as per balance sheet of previous year | 3,06,007.16 (As on March 31, 2015) | 3,06,007.16 (As on March 31, 2015) | 2,73,209.17 (As on March 31, 2014) |
| 6 i. | Earnings per share(EPS) before Extraordinary items | | | |
| | a) Basic EPS (Rs.) | 2.19 | 6.12 | 1.58 |
| | b) Diluted EPS (Rs.) (face value of Rs. 10/- each) | 2.19 (not annualised) | 6.12 (not annualised) | 1.58 (not annualised) |
| 6 ii. | Earnings per share (EPS) after Extraordinary items | | | |
| | a) Basic EPS(Rs.) | 2.19 | 6.12 | 1.58 |
| | b) Diluted EPS (Rs.) (face value of Rs. 10/- each) | 2.19 (not annualised) | 6.12 (not annualised) | 1.58 (not annualised) |

Notes: The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the Stock Exchange websites (www.nseindia.com and www.bseindia.com) and Company's website (www.gujpetronet.com)

Place : Gandhinagar
Date : 4th February, 2016

For and on behalf of Gujarat State Petronet Limited
Atanu Chakraborty, IAS
Managing Director

ગાંધીનગર માટે
LED, LCD & Colour TV
રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬
મો. ૯૪૨૬૨ ૭૦૪૮૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com